Regional Commissioner
Inclusive, resilient, Sustainable Cities

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

પ્રાદેશિક કમિશ્નરશ્રીની કચેરી, નગરપાલિકાઓ,
ગાંધીનગર ઝોન, ગાંધીનગર
જુના સચિવાલય, બ્લોક-૧૪, ત્રીજો માળ, સેક્ટર-૧૦-બી,
ગાંધીનગર – ૩૮૨૦૧૦, ટેલિફોન નં.(૦૭૯) ૨૩૨૩૮૮૭૨/૭૩
**Email:** rcm-gnr@gujarat.gov.in

## ૧૧ માસ કરાર આધારીત ભરતી – વોક ઇન ઈન્ટરવ્યુ

પ્રાદેશિક કમિશ્નર, નગરપાલિકાઓની કચેરી, ગાંધીનગર ઝોન, ગાંધીનગર અંતર્ગત લીગલ ઓફિસરની જગ્યા માટે નિમણુંક મેળવવા ઈચ્છુક ઉમેદવારોએ શૈક્ષણિક લાયકાત, અનુભવ અંગેના પ્રમાણપત્રો અને અન્ય આધાર પુરાવાની સ્વપ્રમાણિત નકલ તથા અસલ પ્રમાણપત્રો સાથે પ્રાદેશિક કમિશ્નર, નગરપાલિકાઓની કચેરી, ગાંધીનગર ઝોન, ત્રીજો માળ, બ્લોક નં. ૧૪, જુના સચિવાલય, સેકટર-૧૦, ગાંધીનગર -૩૮૨૦૧૦ ખાતે વોક ઇન ઈન્ટરવ્યુ રાખવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| વોક-ઇન ઇન્ટરવ્યુ | :- | તા.૨૯/૦૭/૨૦૨૬ બુધવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે |
| પગાર | | રું.૬૦,૦૦૦/- ફિક્સ પ્રતિ માસ |
| લાયકાત/પાત્રતા | ૧ | વયમર્યાદા ૪૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ. |
| | ૨ | માન્ય યુનિવર્સિટીમાંથી કાયદાના સ્નાતકની પદવી (એલ.એલ.બી.) અને કાયદાની પ્રેક્ટીસ માટે માન્યતા પ્રાપ્ત હોવા જોઈએ. |
| | ૩ | ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ માં જણાવ્યા મુજબ કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ. |
| | ૪ | ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી ભાષાનુ સંપૂર્ણ જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. |
| | ૫ | નામ. હાઈકોર્ટ કે નામ. હાઈકોર્ટ ની સબોર્ડીનેટ કોર્ટ, કાયદા હેઠળ સ્થાપિત સ્થાનિક સંસ્થા, ગવર્મેન્ટ અંડરટેકિંગ બોર્ડ, કોર્પોરેશન કે લિમિટેડ કંપનીમાં એડવોકેટ કે એટર્ની તરીકે કામગીરીનો ત્રણ વર્ષનો અનુભવ ધરાવતા હોય અને તે અંગેનું હાઈકોર્ટના રજીસ્ટ્રાર જનરલશ્રીનું, સંબંધિત કોર્ટના પ્રિન્સિપાલ જ્યુડીશીયલ ઓફિસરશ્રીનું, પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજશ્રીનું કે સિટી સિવિલ કોર્ટના પ્રિન્સિપાલ જજશ્રીનું પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઈએ તેમજ બારકાઉન્સિલના સભ્ય હોવા જોઈએ. |
| | ૬ | ગુજરાતી ભાષા બોલી, વાંચી અને લખી શકતા હોવા જોઈએ તથા ગુજરાતીમાંથી અંગ્રેજીમાં અને અંગ્રેજીમાંથી ગુજરાતીમાં ભાષાંતર કરી શકવા સક્ષમ હોવા જોઈએ અને તે અંગેનું હાઈકોર્ટના રજીસ્ટ્રાર જનરલશ્રીનું પ્રમાણપત્ર, સંબંધિત કોર્ટના પ્રિન્સિપાલ જજશ્રીનું પ્રમાણપત્ર તેમજ કોઈ કાયદા હેઠળ સ્થપાયેલ સ્થાનિક સંસ્થા ગવર્મેન્ટ અંડરટેકિંગ બોર્ડ, કોર્પોરેશન કે લિમિટેડ કંપનીના કેસમાં હેડ ઓફિસરશ્રીનું પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઈએ. |
| | ૭ | કોઈ ગુન્હાહિત કૃત્યમાં સંડોવાયેલા નહીં હોવા અંગેનુ સેલ્ફ ડેકલેરેશન રજૂ કરવાનુ રહેશે. |
| | ૮ | ઉમેદવાર ઓછામાં ઓછો ત્રણ વર્ષનો વ્યવસાયિક અનુભવ ધરાવતા હોવા જોઈએ. (સર્વિસ, લેબર, સીવીલના કેસોના અનુભવને પ્રાયોરિટી આપવામાં આવશે.) |
| | ૯ | કરાર આધારિત નિયુક્ત પામનાર કર્મચારી સરકારમાં કાયદાકીય કામગીરીની સક્ષમતા ધરાવતા હોવા જોઈશે. |

વોક ઇન ઈન્ટરવ્યુના રજીસ્ટ્રેશનનો સમય સવારે ૧૦:૦૦ થી ૧૧:૦૦ કલાક દરમ્યાનનો રહેશે. ઈન્ટરવ્યુમા ઉમેદવારોએ સ્વખર્ચે હાજર રહેવાનું રહેશે. ભરતી અંગેની શરતો બાબતે વધુ જાણકારી માટે કામકાજના સમય દરમ્યાન અત્રેની કચેરીના ટેલિફોન નં.૦૭૯-૨૩૨-૩૮૮૭૨/૭૩ પર સંપર્ક કરવો અથવા અત્રેની કચેરીનો રૂબરૂમાં સંપર્ક કરવો.

તા. /૦૭/૨૦૨૬

બી એમ પટેલ **IAS**
પ્રાદેશીક કમિશ્નર,
નગરપાલિકાઓની કચેરી, ગાંધીનગર ઝોન

*Signature Not Verified*

*Signed by:B M PATEL*
*Regional Commissioner*
*Date:2026.07.18*
*17:56:45 +5:30*